ફોર્મ–એ

મે.રાજકોટના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.(લીઝા અભય ખંડેલવાલ)

સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં,

ફોજદારી કેસ નં.૧૫૯૬૪/૨૦૨૩

આંક–

ગુનો–નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ

ફરીયાદી	ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી. જીલ્લા કચેરી, રાજકોટના અધિકૃત અધિકાર, શ્રી રાજેશભાઈ જેઠાલાલ પુજારા ઠે.ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી. ઢેબર રોડ, રાજકોટ.
ફરીયાદી વતી	વકીલશ્રી મુકેશ આર.કેસરીયા
આરોપી	શ્રી રહીમભાઈ કાસમભાઈ ભટ્ટી (પીંજારા) રહે.મુ.ખંભાળીયા, તા.ગોંડલ,જી.રાજકોટ.
આરોપી વતી	વકીલશ્રી ––

ફોર્મ–બી

ગુનો કર્યાની તારીખ	૨૦–૭–૨૦૨૩
ફરીયાદ તારીખ	૨૧–૮–૨૦૨૩
ચાર્જશીટ કર્યા તારીખ	––
ચાર્જફ્રેમ (પ્લી) કર્યા તારીખ	૮–૨–૨૦૨૪
પુરાવો શરૂ થયાની તારીખ	૧૯–૮–૨૦૨૫
ચુકાદા માટે રાખ્યા તારીખ	૧૮–૩–૨૦૨૬
ચુકાદા તારીખ	૧૮–૪–૨૦૨૬
જો સજાનો હુકમ કરેલ તો તે તારીખ	૧૮–૪–૨૦૨૬

આરોપીઓની વિગત

આરો	આરોપી નામ	ધરપકડ તા.	જામીન પર છુટયા તા.	ગુનાની કલમ	છોડી મુકયા કે	કેટલી સજા	ટ્રાયલ દરમ્યાન

પી નં.					તકસીરવાર ઠરાવ્યા તા.		જેલમા વિતાવેલ સમય
૧	શ્રી રહીમભાઇ કાસમભાઇ ભટ્ટી (પીંજારા)	–	–	નેગો. ઈન્સ. એકટની ક.૧૩૮	૧૮–૪–૨૦૨૬	એક વર્ષ	

એ. ફરીયાદપક્ષના સાહેદનુ પુરાવા લીસ્ટ.

ક્રમ.	નામ	પુરાવાનો પ્રકાર
૧.	શ્રી રાજેશભાઇ જેઠાલાલ પુજારાની સોંગદ ઉપરની સરતપાસ. આંક–૪	ફરીયાદી

બી. બચાવપક્ષના સાહેદનો પુરાવો.

ક્રમ.	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–

સી. કોર્ટના સાહેદો.

ક્રમનં.	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–

ફરીયાદપક્ષ તેમજ આરોપીના પડેલ પુરાવાઓનુ આંકનુ લીસ્ટ

એ. ફરીયાદપક્ષના પુરાવા.

ક્રમનં.	આંક નં.	પુરાવાનુ વર્ણન
૧.	૧૯	ઓથોરીટી લેટર
૨.	૨૦	અસલ ચેક
૩.	૨૧	ચેક રીટર્ન મેમો
૪.	૨૨	આરોપીને આપેલ નોટીસ
૫.	૨૩	પોસ્ટ ખાતાની સફેદ પાવતી

૬.	૨૪	નોટીસ બજ્યાનુ એકનોલેજમેન્ટ
૭.	૨૫	પોસ્ટખાતાનો ઓન લાઇન ટ્રેક રીપોર્ટ

બી. બચાવપક્ષના પુરાવા.

ક્રમનં.	આંક નં.	પુરાવાનુ વર્ણન
–	––	––

ઠરાવ

(૧).. કેસની ટૂંકી હકીકત...

કેસની ટૂંકી હકીકત છે કે,ફરીયાદી શ્રી ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી.મા ફરજ બજાવે છે. તહોમતદારે બેંકમાથી મધ્યમ મુદતની લોન મેળવેલ. તહોમતદારે ફરીયાદી બેંકના નીકળતા નાણા પેટે શ્રી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓપ.બેંક લી.મોટી ખીલોરી તા.ગોંડલનો ચેક નં.૬૦૦૦૩૪ નો તા.૨૦–૭–૨૦૨૩ ના રોજનો રૂ.૧,૭૬,૪૫૪/– નો ફરીયાદીને આપેલ. જે ફરીયાદીએ બેંકમા રજુ કરતાસદરહુ ચેક તા.૨૦–૭–૨૦૨૩ ના રોજ "ફંડ્સ ઇનસફીસીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ જેથી પોતાના વકીલ મારફત તહોમતદારને તા.૨૨–૭–૨૦૨૩ ના રોજ નોટીસ મોકલાવેલ જે તહોમતદારને બજી જવા છતા ચેક મુજબની રકમ નિયત સમય મર્યાદામા ચુકવણી કરવાની દરકાર કરેલ નથી, તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ૧૯૮૧ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, જેથી તે સબબની હાલની ફરિયાદ આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ છે.

(૨) ફરીયાદ બાદની કાર્યવાહી...

ફરિયાદ દાખલ થતા મારા અગાઉના વિ.ન્યાયાધીશશ્રીના હુકમ મુજબ આરોપી ને સમન્સ કાઢવામાં આવેલ. આરોપી વકીલ મારફત હાજર થયેલ. આરોપીને કેસના કાગળો ની નકલો આપવામાં આવેલ. આરોપીની આંક–૫ થી પ્લી નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા જણાવતા કેસની આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષના પુરાવાબાદની કાર્યવાહી...

ફરીયાદીપક્ષના પુરાવાઓ ચુકાદાની શરૂઆતમાં બતાવ્યા મુજબના છે. જેથી અત્રે પૂનરાવર્તન કરેલ નથી. આરોપી તરફે કોઇ હાજર ન થતા તેઓનો ફરીયાદીની ઉલટનો હક્ક આંક–૨૦ થી બંધ કરેલ છે. ફરીયાદપક્ષે આંક–૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવાનો હકક બંધ કરેલ.

ત્યારબાદ આરોપીનુ વિશેષ નીવેદન નોંધવા પરના સ્ટેજે હોય આરોપી હાજર રહેતા ન હોય તેઓનો એફ.એસ.નો હકક આંક–૨૨ થી બંધ કરેલ છે.

(૪) <u>બન્ને પક્ષ તરફની દલીલો...</u>

ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે કોઇ હાજર રહેલ નથી. જેથી તેઓનો દલીલનો હકક આંક–૨૩ થી બંધ કરવામા આવેલ છે.

(૫) <u>મુદ્દાઓ</u>

૧. શુ ફરીયાદપક્ષ એ હકીકત શંકાથી પર સાબીત કરે છે કે આરોપીએ ફરીયાદી પાસેથી પૈસા લીધેલ હતા ? અને તે પૈકી ચેકો મુજબ કાયદેસરની લેણી રકમ બાકી હતી? અને તે સંદર્ભે આરોપીએ ચેક આપેલ, જે બેંકમાં નાખતા, ચેકો "ફંડ ઇનસફીશીયન્ટ"ના શેરા સાથે ફરત ફરેલ, જેથી ફરીયાદીએ આરોપીને નોટીસ આપેલ, જેની બજવણી થવા છતા આરોપીએ ચેકો મુજબની લેણી રકમની ચુકવણી ન કરી, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ છે ?

૨. શુ આખરી હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની કોર્ટના નીર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત નિર્ણયો પરત્વેના અત્રેની કોર્ટના કારણો...

// કા ર ણો//

રજુ પુરાવાઓના મુલ્યાંકન કરતા પહેલા કાયદાની ચર્ચા કરવી જરૂરી છે.

Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account– Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment

of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation– For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

ઉપરોકત કલમ મુજબ કોઈ દેવા કે જવાબદારી પેટે આપેલ ચેક પરત ફરે અને નોટીસ બજયાના ૧૫ દિવસ સુધીમાં નાણા ન ચુકવે તો આરોપીએ ગુનો કરેલાનુ માની લેવાનુ રહેશે. વધુમાં ફરિયાદ દાખલ કરતા પહેલાની અમુક પુર્વ શરતો છે, જેનુ પાલન કરવુ અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરિયાદ લઈ શકાય નહી કે ફરિયાદ ચાલી શકે નહી.

- હાલના કાયદામાં ચેક આપવા બાબતે અને ચેક ધારણ કરનારની તર્ફેણમાં અનુમાન કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

Section 118. Presumptions as to negotiable instruments of consideration...

Until the contrary is proved, the following presumptions shall be made:–

(a) of consideration–that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed,

negotiated or transferred for consideration;

(b) as to date– that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance– that every accepted bill of exchange was accepted within a reasonable time after its date its date and before its maturity;

(d) as to time of transfer.– that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of endorsements – that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps–that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course – that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been contained from its lawful owner, or form any person in lawful custody thereof, by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

Sec. 139 : Presumption in favour of holder– It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

ઉપરોકત બન્ને જોગવાઇઓ સાથે વંચાણે લેતા આરોપીએ આપેલ ચેક કોઈ કાયદેસરની લેણી રકમ કે જવાબદારી પેટે આપેલો હોવાનું ચેક

ધારકની તર્ફેણમાં કોર્ટે ફરજીયાત અનુમાન કરવાનું છે અને તેનાથી વિરૂદ્ધનું સાબિત કરવાની જવાબદારી બચાવપક્ષના શીરે છે. સદર કલમ મુજબ, વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવાનુ રહેશે કે, ચેકના ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબની કોઇ લેણી રકમ કે બીજી જવાબદારીના સંપૂર્ણ કે અંશતઃ પાલન માટે જ મેળવેલો છે. આરોપીને આ અનુમાનથી વિરૂદ્ધનું સાબિત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી પરંતુ, પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝ એટલે કે સંભવિતતાની પ્રબળતા બતાવવાની રહે છે. તેમાં આરોપી સફળ થાય તો ફરીથી ફરીયાદપક્ષ ઉપર સાબીતીનો બોજો આવે છે.

(૮) <u>પુરાવાઓનુ મુલ્યાંકન...</u>

ફરિયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો પુરવાર કરવા માટે નેગો. ઇન્સ. એકટની કલમ–૧૪૫ મુજબનુ આંક–૪ થી ફરિયાદીનુ સોંગદનામુ છે જે વંચાણે લેતા તેમા ફરિયાદ મુજબની હકીકતો છે, જેથી પુનરાવર્તન ટાળવા માટે અત્રે ફરીથી ચર્ચા કરેલ નથી. બચાવપક્ષે કોઇ હાજર ન હોય ઉલટનો હક્ક બંધ કરેલ છે.

૮.૧ સૌપ્રથમ કાયદાની જરૂરી જોગવાઇઓનુ પાલન થયેલ છે કે કેમ તે માટે પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો હાલના કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસ (હવે ત્રણ માસ) માં અથવા તો ચેકની નક્કી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઇએ. આંક–૨૦ વાળો ચેક તા.૨૦–૭–૨૩ નો અને આંક–૨૧ વાળો મેમો તા.૨૦–૭–૨૩ ના રોજનો છે, આમ હાલનો ચેક નીચત સમયમર્યાદામાં બેંકમાં ભરેલ છે. જેથી ફરિયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબિત થાય છે.

પરંતુક (બી) વંચાણે લેતા, ચેકો પરત આવ્યેથી દિન–૩૦ માં ચેકની રકમ માંગતી લેખિત નોટીસ આરોપીને ફરિયાદીએ આપેલી હોવી જોઇએ. ફરિયાદી પક્ષે રજુ થયેલ આંક–૨૧ વાળો રીટર્ન મેમો જોતાં તા.૨૦–

૭–૨૩ નો છે. આંક–૨૨ થી રજુ થયેલી નોટીસ તા.૨૨–૭–૨૩ ના રોજની છે, જે આંક–૨૩ વાળી પોસ્ટ રસીદ મુજબ મોકલી આપવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ ચેક પરત ફર્યાની જાણ થતા તેણે દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને મોકલી આપેલ છે. જેથી ફરિયાદી દ્વારા કલમ–૧૩૮ ના પરંતુક (બી) નું પાલન કરવામાં આવેલ છે.

વધુમાં, પરંતુક (સી) મુજબ ફરિયાદી દ્વારા મોકલવામાં આવેલ રજીસ્ટર એ.ડી. વાળી નોટીસ પોસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા આરોપીના જણાવેલ સરનામે આરોપીને બજવણી કરવામાં આવેલ છે, જે બદલ પોસ્ટનો ટ્રેક રીપોર્ટ આંક–૨૫ થી રજુ છે, જે મુજબ આરોપીને નોટીસ બજી ગયેલ છે તેમ છતા આરોપીએ નાણા ચુકવેલ નથી. આમ કલમ–૧૩૮ ના પરંતુક (સી) નું પાલન આરોપીએ ન કરેલ હોવાનું ફરીયાદપક્ષે સફળ રીતે સાબીત કરેલ છે. નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતા તમામ આજ્ઞાત્મક જોગવાઈનુ પાલન થયા બાદ હાલની આ ફરિયાદ મુદ્દતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરિયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનુ પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરિયાદ મુદ્દતમાં છે જેનો કોઇ બાધ નડતો નથી.

૮.૨ બચાવપક્ષ તર્ફે કોર્ટ રૂબરૂ હાજર રહી ચેક આપવા બાબતે, ચેકમાં આરોપીની સહી બાબતે, નોટીસ બાબતે, માલ લીધેલ તે બાબતે કોઈ તકરાર નથી. જેથી તે બાબતે કોઇ ચર્ચા કરેલ નથી. આમ જયારે જે હકીકતો બાબતે કોઇ તકરાર ન હોય તેમજ જે હકીકતો પડકારેલ ન હોય, જેથી તે હકીકતો કોર્ટે માની લેવાની રહે છે. જે બાબતે **ના. સર્વોચ્ચ અદાલતે State of U.P. vs Nahar singh (D)** (1998) 3 **SCC** 561 માં ઠરાવેલ છે કે "13. **It may be noted here that that part of the statement of PW-1 was not cross-examined by the accused. In the absence of cross-examination on the explanation of delay, the evidence PW-1 remained unchallenged and ought to have been**

believed by the High Court. Sec.138 of the Evidence Act confers a valuable right of cross-examining the witness tendered in evidence by the opposite party. આમ હાલના કામે ન પડકારાયેલ હકીકતો માની લેવામાં આવેલ છે જેથી તે હકીકતો બાબતે કોઈ વિચારણા કરેલ નથી.

૮.૩ સદર કામે ફરીયાદની હકીકતને ધ્યાને લેવામા આવે તો ફરીયાદીએ આરોપીને લોન આપેલ જે પેટેના રૂ.૧,૭૬,૪૫૪/-ની રકમ ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપેલો, જે ચેક બેંકમા જમા કરતા તે ચેક "ફંડ ઈનસફીશીયન્ટ"ના શેરા સાથે પરત ફરેલ છે. વધુમા સદર કામે આરોપી તરફે એવો કોઈ બચાવ લેવામા આવેલ નથી કે સદર કામે ફરીયાદી ધ્વારા આરોપીને કોઈ પૈસા આપવામા આવેલ નથી. હાલના કામે રજુ પુરાવા ધ્યાને લેતા આરોપી પાસેથી રૂ.૧,૭૬,૪૫૪/- નુ લેણુ નીકળતુ હતુ જે પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે તકરારી ચેકની તારીખે ચેકની રકમનુ લેણુ નીકળતુ હતૃ. વધુમા આરોપી તરફે એવો કોઈ બચાવ લેવામા આવ્યો નથી કે આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે અમુક ચોક્કસ રકમ જમા કરાવેલ અને ચેકોની રકમ જેટલુ લેણુ ફરીયાદીનુ નીકળતુ નથી. આરોપીએ પોતે વિટનેશ બોક્ષમા આવીને જુબાની આપેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી જે હકીકત ધ્યાને લેતા આરોપી તરફે કોઈ બચાવ લેવામા આવેલ નથી. આમ સદર કામે આરોપી પાસે તકરારી ચેકની રકમ પેટે કાયદેસરનુ લેણુ નીકળતુ ન હતુ પરંતુ હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો તે મુજબ તકરારી ચેકની રકમનુ લેણુ જણાય આવે છે,આમ હાલના કામે ફરીયાદી ધ્વારા આરોપી પાસે તકરારી ચેકની રકમનુ લેણુ નીકળતુ હોવાનુ પુરવાર થયેલ છે. વધુમા નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામા આવેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવામા આવે તો......

1. CRIMINAL APPEAL NO.362 OF 2022, TEDHI SINGH VS NARAYAN DASS MAHANT, para 7. It is true that this is a case under Section 138 of the Negotiable Instruments

Act. Section 139 of the N.I. Act provides that Court shall presume that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability. This presumption, however, is expressly made subject to the position being proved to the contrary. In other words, it is open to the accused to establish that there is no consideration received. It is in the context of this provision that the theory of 'probable defence' has grown.

2. K.N. Beena vs. Muniyappan, (2001) 8 SCC 458, under Section 118 of the N.I. Act, unless the contrary is proved, it is to be presumed that the negotiable instruments (including a cheque) had been made or drawn for consideration. It is further observed and held that under Section 139, the Court has to presume, unless the contrary is proved, that the holder of the cheque received the cheque for discharge, in whole or in part, of a debt or liability. It is further observed that thus in complaints under Section 138, the Court has to presume that the cheque had been issued for a debt or liability. This presumption is rebuttable. However, the burden of proving that the cheque has not been issued for a debt or liability is on the accused.

૩. અગાઉ ચર્ચા કરેલ Rangappa vs. Sri Mohan, (2010) 11 SCC 441નો ચુકાદો વિસ્તૃત રીતે વંચાણે લઇએ તો Section 139 of the Act is an example of a reverse onus clause that has

been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant accused cannot be expected to discharge an unduly high standard or proof." Applying the definition of the word "proved" in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end

only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.

4. Kumar Exports v. Sharma Carpets para 15. Presumptions are devices by use of which the courts are enabled and entitled to pronounce on an issue notwithstanding that there is no evidence or insufficient evidence. Under the Evidence Act all presumptions must come under one or the other class of the three classes mentioned in the Act, namely, (1)"may presume" (rebuttable), (2)"shall presume" (rebuttable), and (3)"conclusive presumptions" (irrebuttable). The term "presumption" is used to designate an inference, affirmative or disaffirmative of the existence of a fact, conveniently called the "presumed fact" drawn by a

judicial tribunal, by a process of probable reasoning from some matter of fact, either judicially noticed or admitted or established by legal evidence to the satisfaction of the tribunal. Presumption literally means “taking as true without examination or proof”.

આમ ઉપરોકત ચર્ચા વિચારણા અને ચુકાદામાં ઠરાવેલ સીધ્ધાંત મુજબ હાલનો ચેક કાયદેસરના લેણા પેટે હોવાનુ અનુમાન કોર્ટે કરેલ છે અને તે અનુમાનનુ ખંડન આરોપીએ કરેલ નથી. ચેક બાબતે કે કાયદેસરના લેણા પેટે કોઇ એવી પ્રબળ સંભાવના બતાવેલ નથી કે જેથી ફરીયાદપક્ષ ઉપર સાબીતીનો બોજો આવે.

(૯) <u>નિષ્કર્ષ...</u>

આમ, ફરિયાદપક્ષ એ હકીકત સફળ રીતે સાબીત કરેલ છે કે, તેઓએ આરોપીને લોન આપેલ તે પેટે રૂ.૧,૭૬,૪૫૪/- ની રકમ લેણી નીકળતી હોય જે પૈસા ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલ, જે ચેક ફરીયાદીએ બેંકમાં નાંખતા, આરોપીની બેંક દ્વારા તકરારી ચેક "ફંડ ઈનસફીશીયન્ટ"ના શેરા સાથે પરત ફરેલ છે. જે બદલ નોટીસ આપવામાં આવેલ છે. બાદ કેસ દાખલ થયા બાદ આરોપીને સમન્સની બજવણી થવા છતા, હાજર થવા છતા ચેકની રકમ મુજબની ચુકવણી ન કરી, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. હાલની ફરીયાદ સમયમર્યાદામાં છે. તમામ જોગવાઇઓનુ પાલન થયેલ છે. ફરીયાદપક્ષે તમામ હકીકતો સાબીત કરેલ છે જેનું ખંડન બચાવપક્ષે કરેલ નથી. જેથી મુદ્દાનં.૧નો જવાબ હકારમાં આપી આરોપીને ક્રીમી. પ્રોસી. કોડની ક.૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય જેથી સાંભળવા માટે મુલત્વી.

સ્થળ – રાજકોટ (લીઝા અભય ખંડેલવાલ)
તારીખ – ૧૮-૪-૨૦૨૬ જજ કોડ GJ01610
જ્યુડી. મેજી. ફ. ક. (ટ્રાફીક) રાજકોટ

<u>સજા અંગે સાંભળ્યા.</u>

ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આરોપીએ લોન લીધેલ તેના નાણા પરત નાણા ચુકવેલ નથી, જેથી ચેકની રકમ જેટલી રકમ વળતર તરીકે ચુકવવા હુકમ કરવા વિનંતી છે.

આરોપી કે આરોપી તરફે વિ.વકીલશ્રી આજરોજ કોર્ટમાં હાજર રહેલ નથી કે તેઓ કોઇ ધ્વારા રજુઆત કરવામા નથી.

તમામ રેર્કડ ધ્યાને રાખેલ છે. આરોપીએ તકરારી ચેક આપેલ છે. જે ચેક પરત થયેલ છે. આરોપીએ વ્યવહાર નીભાવેલ નથી. સદર કામે આરોપીએ લોન લીધા બાદ તેની રકમ ચુકવેલ નથી અને ફરીયાદીને તે ચુકવણી પેટે ચેક આપેલ છે. જે પરત થયેલ છે. નેગો. ઇન્સ. એકટનો હેતુ ધ્યાને રાખેલ છે. લોકોને ચેક આપવા બાબતે ગંભીરતા દાખવવા અને સમજ કેળવવા તથા બજારમાં રોકડ રકમની જગ્યાએ ચેક આપવાનો મહત્વનો હેતુ છે. કોઇ પણ વ્યકિત ચેક આપીને ખરેખર આપવાની થતી રકમથી છટકી ન જાય તે હકીકત પણ ધ્યાને રાખવી જરૂરી છે. હાલના સમયમાં નાણા ન આપી, ચેક આપવો, તે પરત થાય ત્યારબાદ નોટીસ સુધી રકમ ન આપવી અને કોર્ટમાં કેસ દાખલ થાય ત્યારે રકમ ચુકવી, ટુકડે ટુકડે રકમ ચુકવી અથવા સમાધાન કરી ઓછી રકમ ચુકવવાની માનીકતા લોકોમાં વધવા લાગી છે. જે હકીકત ખુબ જ ગંભીર બાબત છે. આમ સદર વિચારણા અને કાયદાકીય જોગવાઇઓ ધ્યાને રાખતા આરોપીને સજા કરવી તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવો જરૂરી જણાય છે. ના. સર્વોચ્ચ અદાલતે Vijayan Sadanand K. 2009 Cr.L.J. 436, માં ઠરાવેલ છે કે for object of section – 357(3) of Cr.P.C. sentence in default of payment of compensation can be ordered. જે ચુકાદો અને કેસની હકીકતો ધ્યાને રાખતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

< < હુકમ > >

(૧) આરોપી શ્રી રહીમભાઇ કાસમભાઇ ભટ્ટી (પીંજારા)ને ક્રીમી.પ્રોસી. કોડની ક.૨૫૫(૨)મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ભંગ સબબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂા.૧,૭૬,૪૫૪/–(અંકે રૂા.એક લાખ છોંતેર હજાર ચારસો ચોપ્પન પુરા)વળતર તરીકે ફરીયાદીને હુકમ ની તારીખથી એક મહિનાની અંદર ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામના આરોપીને અગાઉ હાલના ગુનાના કામે જેટલી સજા ભોગવેલ હોય તે મજરે આપવાવો હુકમ કરવામા આવે છે.

(૩) જો આરોપી વળતરની રકમ ફરીયાદીને ચુકવી આપવામાં નીષ્ફળ જશે તો વધારાની છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદરહુ કામે એક નકલ આરોપીને વિના મુલ્યે આપવી.

(૫)આરોપીના જામીન તથા જામીનખત જો હોય તો રદ્દકરવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીએ ચેકની રકમ પેટે ફરીયાદીને કોઇ રકમ ચુકવી આપેલ હોય તો તે રકમ વળતર ચુકવવાના હુકમમા મજરે આપવા હુકમ કરવામા આવેલ છે.

હુકમ આજ તા. ૧૮–૪–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ – રાજકોટ

તારીખ – ૧૮–૪–૨૦૨૬

(લીઝા અભય ખંડેલવાલ)
જજ કોડ GJ01610
જયુડી. મેજી. ફ. ક. (ટ્રાફીક) રાજકોટ